ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૧ તા. ૦૬.૦૪.૨૦૧૯

## આજના આ ગૌરવશાળી સ્થાપના દિને નવી કલ્પનાનું ભારત બનાવવા માં ભારતીને વિશ્વગુરુના સ્થાને પુનઃ બિરાજમાન કરવા સંકલ્પબધ્ધ બનીએ - શ્રી જીતુભાઇ વાઘાણી

-----------

**રાષ્ટ્રવાદ-વિકાસવાદની વિચારધારા આધારિત ભાજપારૂપી નાનો છોડ કાર્યકર્તાઓના અથાગ પરિશ્રમ અને કઠોર મહેનતને પરિણામે વિશ્વના સૌથી મોટા રાજનિતીક દળરૂપી વિશાળ વટવૃક્ષમાં પરિવર્તીત થયો છે - શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

**આજનો દિવસ ભાજપાના દરેક કાર્યકર્તાઓ માટે ખૂબજ ગૌરવનો દિવસ છે, ભાજપાના દરેક કર્મઠ કાર્યકર્તાઓ અને જનતાને નમન કરી આભાર વ્યક્ત કરતાં ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

**દેશનો પ્રત્યેક નાગરિક "મૈં ભી ચૌકીદાર" ની ભાવના સાથે માં ભારતીની સેવા અને સુરક્ષા કરે, પોતાની ફરજ નિષ્ઠાથી બજાવે, ભ્રષ્ટાચાર, જ્ઞાતિવાદ, સંપ્રદાયવાદ સામે લડે અને ફક્ત 'ભારતવાદ' અને 'નેશન ફર્સ્ટ'ના સિધ્ધાંત સાથે આગળ વધે - શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ આજરોજ ભાજપા સ્થાપના દિન નિમિત્તે જણાવ્યુ હતુ કે, રાષ્ટ્રવાદ-વિકાસવાદની વિચારધારા આધારિત ભાજપારૂપી નાનો છોડ કાર્યકર્તાઓના અથાગ પરિશ્રમ અને કઠોર મહેનતને પરિણામે વિશ્વના સૌથી મોટા રાજનૈતિક દળરૂપી વિશાળ વટવૃક્ષમાં પરિવર્તીત થયો છે.

આ પ્રસંગે શ્રી વાઘાણીએ જણાવ્યુ હતુ કે, દરેક કર્મઠ કાર્યકર્તાઓ અને જનતાને નમન કરી આભાર વ્યક્ત કરુ છું આજનો દિવસ દરેક કાર્યકર્તાઓ માટે ખૂબજ ગૌરવનો દિવસ છે. તેઓએ કહ્યું હતુ કે, કાર્યકર્તાના બલિદાન અને સમર્પણની ભાવનાને કારણે ભાજપાનું કમળ આજે સમગ્ર ભારતભરમાં સોળે કળાયે ખીલી ઉઠ્યું છે. રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહના નેતૃત્વમાં ભાજપા આજે વિશ્વની સૌથી મોટી રાજકીય પાર્ટી બની છે, તે ગૌરવપૂર્ણ બાબત છે.

જનસંઘના સ્થાપક ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી અને પંડિત દીનદયાળ ઉપાધ્યાયજી તથા સને ૧૯૮૦માં શ્રી અટલજી અને શ્રી અડવાણીજી સહિતના અનેક દેશપ્રેમી નેતાઓ દ્વારા ભાજપાની સ્થાપના થઇ હતી. આ શિર્ષસ્થ નેતૃત્વ દ્વારા બલિદાનની ભાવના સાથે સંપૂર્ણ નિષ્ઠાથી સિંચન થયું છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં આપણે સૌ "નયા ભારત"ની સંકલ્પના સાથે દૈદિપ્યમાન ભારતના નિર્માણ માટે આગળ વધી રહ્યા છીએ.

શ્રી વાઘાણીએ વધુમાં જણાવ્યુ હતુ કે, દેશનો પ્રત્યેક નાગરિક "મૈં ભી ચૌકીદાર" ની ભાવના સાથે માં ભારતીની સેવા અને સુરક્ષા કરે, પોતાની ફરજ નિષ્ઠાથી બજાવે, ભ્રષ્ટાચાર, જ્ઞાતિવાદ, સંપ્રદાયવાદ સામે લડે અને ફક્ત 'ભારતવાદ' અને 'નેશન ફર્સ્ટ'ના સિધ્ધાંત સાથે આગળ વધે.

આગામી લોકસભા ચૂંટણી અંતર્ગત શ્રી વાઘાણીએ ભાજપાના કાર્યકર્તાઓને સંદેશો આપતા જણાવ્યુ હતુ કે, નવી પેઢીના સપનાનું ભારત બનાવવા સપનાને સાકાર કરવા માટે પરિશ્રમ કરીને આપણે સૌ કમળને મત અપાવવાનું કાર્ય કરી રહ્યા છીએ ત્યારે દૈદિપ્યમાન ભારતના નિર્માણમાં પૂરક, સાક્ષી અને સહયોગી બનીએ.

શ્રી વાઘાણીએ અંતમાં જણાવ્યુ હતુ કે, આજના આ ગૌરવશાળી સ્થાપના દિને નવી કલ્પનાનું ભવ્ય ભારત બનાવવા 'માઁ' ભારતીને વિશ્વગુરુના સ્થાને પુનઃ બિરાજમાન કરવા સંકલ્પબધ્ધ બનીએ.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૨ તા. ૦૬.૦૪.૨૦૧૯

-----------

**ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહનો ભાજપાના સ્થાપના દિન નિમિત્તે અમદાવાદ ખાતે બે તબક્કામાં ભવ્ય રોડ-શો અને લોકસંપર્ક કાર્યક્રમ યોજાયો.**

-----------

**ધર્મગુરુઓ તથા સ્વામીનારાયણ સંપ્રદાયના સંતોએ શ્રી અમિતભાઇ શાહનું અભિવાદન કરી ‘વિજયી ભવ’ના આશીર્વાદ આપ્યા.**

-----------

**શ્રી અમિતભાઇ શાહે “જહા હુએ બલિદાન મુખરજી, વો કશ્મીર હમારા હૈ, જો કાશ્મીર હમારા હે, વો સારા કા સારા હૈ”ના બુલંદ નારા સાથે ભવ્ય રોડ-શોનો પ્રારંભ કરાવ્યો**

-----------

**“ભારત માતા કી જય” અને “વંદે માતરમ્”ના નાદથી સમગ્ર વાતાવરણ રાષ્ટ્રભક્તિમય બન્યું હતું. બહોળી સંખ્યામાં નગરજનો શ્રી અમિતભાઇ શાહનું અભિવાદન કરવા માટે સ્વયંભૂ ઉમટી પડ્યા હતા**

-----------

**આ રોડ-શોમાં ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ, ગૃહમંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા, ભાજપા પ્રદેશ અગ્રણીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ સહિત વિવિધ સમાજના આગેવાનો અને હજારોની સંખ્યામાં કાર્યકર્તાઓ જોડાયા હતા**

-----------

ભાજપા મીડિયા સેલની અખબારી યાદી જણાવે છે કે, આજે ૬ એપ્રિલના રોજ ભાજપાના સ્થાપના દિનની સમગ્ર ભારતભરમાં ઉજવણી થઇ રહી છે. ૩૮ વર્ષ પહેલા રાષ્ટ્ર અને સમાજની સેવા માટે અને દેશને નવી ઉંચાઇએ લઇ જવા માટેની પ્રતિબધ્ધતા સાથે ભાજપાનો ઉદય થયો હતો. આજે ભાજપાના સ્થાપના દિન નિમિત્તે કાર્યકર્તાઓની અથાગ મહેનત અને પરિશ્રમના કારણે આજે ભાજપાને વિશ્વની સૌથી મોટી રાજકિય પાર્ટી બનાવવાનું ગૌરવ પ્રાપ્ત થયુ છે.

આજના આ મંગલમય દિવસે ગાંધીનગર લોકસભાના ઉમેદવાર અને ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહ દ્વારા અમદાવાદ ખાતે બે તબક્કામાં ભવ્ય રોડ-શો અને લોકસંપર્ક કાર્યક્રમ યોજાયો હતો. સવારે વણઝર સરખેજ થી “ભારત માતા કી જય” અને “વંદે માતરમ્”ના જયઘોષ સાથે હજારો કાર્યકર્તાઓ અને નગરજનોની ઉપસ્થિતિમાં શ્યામાપ્રસાદ મુખર્જી, પંડિત દીનદયાળ ઉપાધ્યાય અને ‘માઁ’ ભારતીને પુષ્પાંજલી અર્પણ કરી આ ભવ્ય રોડ-શોની શરૂઆત થઇ હતી. આ તબક્કે શ્રી શાહે જનમેદની સમક્ષ “જહા હુએ બલિદાન મુખર્જી, વો કશ્મીર હમારા હૈ” નો નારો બુલંદ બનાવી પ્રચંડ રણટંકાર કર્યો હતો.

આ ભવ્ય રોડ-શો અંતર્ગત લોકસંપર્કની શરૂઆત સવારે ૯.૦૦ કલાકે થઇ હતી, જે વણઝાર - સરખેજ ગામ - મકરબા ઢાળ - સરખેજ રોજા - શ્રીનંદનગર વિભાગ.૨ - વેજલપુર બળીયાદેવ મંદિર - જીવરાજપાર્ક - મલાવ તળાવ - દેવાશ ફ્લેટ - સ્વામીનારાયણ મંદિર - શ્યામલ બ્રીજ - શ્યામલ ૧૦૦ ફૂટ રોડ - સીમા હોલ - હરણ સર્કલ - વિશાળ ટાવર - વિસતનગર - શ્રધ્ધા સ્કુલ ચાર રસ્તા - રાઠી હોસ્પીટલ - જોધપુર ચાર રસ્તા - માનસી સર્કલ - મેનેજમેન્ટ એન્કલેવ - સરદાર ચોક - શહિદ ચોક થઇને હવેલી મંદિર ખાતે પ્રથમ તબક્કાના રોડ-શોનું સમાપન થયુ હતુ.

ત્યારબાદ બીજા તબક્કાના રોડ-શોની શરૂઆત સાંજે ૫.૩૦ કલાક દરમ્યાન રાણીપ રામજી મંદિરથી થઇ હતી. ધર્મગુરુઓ તથા સ્વામીનારાયણ સંપ્રદાયના સંતોએ શ્રી અમિતભાઇ શાહનું અભિવાદન કરી ‘વિજયી ભવ’ના આશીર્વાદ આપ્યા હતા. વિવિધ સમાજના આગેવાનો તથા સમાજશ્રેષ્ઠીઓએ પણ અભિવાદન કરી શ્રી અમિતભાઇ શાહના ભવ્ય

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



વિજયની લાગણી વ્યક્ત કરી હતી. આ રોડ-શો રાણીપ શાકમાર્કેટ - બલોલનગર ચાર રસ્તા - અંબિકા ચાર રસ્તા - રામેશ્વર મહાદેવ - નિર્ણયનગર ગરનાળા - ચાંદલોડીયા ઉમિયા હોલ - વંદે માતરમ્ રોડ - કંકુનગર - દૂર્ગા સ્કુલ - આનંદ પાર્ટીપ્લોટ - માણકી સર્કલ - સરદાર ચોક - ન્યુ રાણીપ નવો ઓવર બ્રીજ - નવનિર્માણ સ્કુલ - અંબિકાવાડી - ધનશ્યામ વાડી - રાણીપ બસસ્ટેન્ડ - રાણીપ પોલીસ સ્ટેશન - શ્રી રાધા સ્વામી રોડ - સાબરમતી પાવરહાઉસ - ધર્મનગર રેલ્વે સ્ટેશન - રામનગર - પુખરાજ હોસ્પીટલ - રામબાગ રોડ - નીલકંઠ મહાદેવ - કાળી કલ્ચર પાર્ટીપ્લોટ - હરિઓમ સોસાયટી (મહાવીર હોસ્પિટલ) થઇને દેવભૂમિ રોડ ખાતે સમગ્ર રોડ-શોનું સમાપન થયુ હતુ.

અત્રે ઉલ્લેખનીય છે કે, બંને તબક્કાના રોડ-શો દરમ્યાન વેજલપુરથી વસ્ત્રાપુર અને રાણીપ-રામજી મંદિર થી દેવભૂમિ રોડ સુધી સમગ્ર રૂટ પર હજારોની સંખ્યામાં સ્થાનિક નગરજનો, સામાજીક સંસ્થાઓ, ધર્મસંસ્થાનો, વેપારીમંડળો, સહકારી આગેવાનો અને તમામ સમાજના લોકોએ શ્રી અમિતભાઇ શાહનું ભવ્યાતિભવ્ય સ્વાગત કર્યુ હતુ તથા રબારી તથા મારવાડી સમાજના લોકોએ પરંપરાગત વસ્ત્રોમાં સજ્જ થઇ સાંસ્કૃતિક નૃત્યો દ્વારા શ્રી અમિતભાઇ શાહનું સ્વાગત-અભિવાદન કર્યુ હતુ.

આ સાથે આ રોડ-શોમાં હજારોની સંખ્યામાં કાર્યકર્તાઓ અને નોંધપાત્ર સંખ્યામાં મહિલા તથા યુવા કાર્યકરો જોડાયા હતા. વિવિધ સમાજ ઢોલ-નગારા અને ત્રાંસા સાથે હર્ષોલ્લાસના વાતાવરણમાં કેસરીયો લહેરાયો હતો.

સમગ્ર રોડ-શો દરમ્યાન હજારોની સંખ્યામાં ઉપસ્થિત કાર્યકર્તા ભાઇઓ-બહેનોએ પુષ્પવર્ષા કરી શ્રી અમિતભાઇ શાહનું સ્વાગત અને અભિવાદન કર્યુ હતુ. ભારત માતા કી જય અને વંદે માતરમ્ ના નાદથી સમગ્ર વાતાવરણ રાષ્ટ્રભક્તિમય બન્યુ હતુ. શ્રી અમિતભાઇ શાહનું અભિવાદન કરવા માટે બહોળી સંખ્યામાં નગરજનો સ્વયંભૂ ઉમટી પડ્યા હતા

આ લોકસંપર્ક રાઉન્ડ દરમ્યાન વિશાળ જનમેદની દ્વારા પ્રચંડ પ્રતિસાદ મળ્યો હતો. આ સાથે તમામ સમુદાયના લોકોએ પ્રતિભાવ આપતા જણાવ્યુ હતુ કે, ભાજપા દ્વારા તમામ ક્ષેત્રોમાં અનેક વિકાસલક્ષી અને જનકલ્યાણના કાર્યો હાથ ધરવામાં આવ્યા છે અને "સૌનો સાથ સૌનો વિકાસ" મંત્ર યર્થાથ થયો છે.

રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહના આ ભવ્યાતિભવ્ય રોડ-શોમાં ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ, ગૃહમંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા, ભાજપા પ્રદેશ અગ્રણીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, કર્ણાવતી મહાનગરના પ્રમુખ અને મહામંત્રીશ્રીઓ, અમદાવાદ જીલ્લા પ્રમુખ-મહામંત્રીશ્રી, સંગઠન અને મોરચાના આગેવાનો સહિત હજારોની સંખ્યામાં ભાજપાના કાર્યકર્તાઓ જોડાયા હતા.

**રોડ-શોની સાથે સાથે...**

- ભાજપા સ્થાપના દિને શ્યામાપ્રસાદ મુખર્જી, પંડિત દીનદયાળ ઉપાધ્યાય અને 'માઁ' ભારતીને પુષ્પાંજલી અર્પણ કરી
- "જહા હુએ બલિદાન મુખરજી, વો કશ્મીર હમારા હૈ, જો કાશ્મીર હમારા હે, વો સારા કા સારા હૈ" નો નારો બુલંદ બનાવી પ્રચંડ રણટંકાર કર્યો
- રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહ અને પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ ખુલ્લા રથમાં સવાર થઇ પ્રજાનું અભિવાદન ઝીલ્યું.
- 'લોક સંપર્ક રથ' વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી તથા શ્રી અમિતભાઇ શાહનો ફોટો "મૈં ભી ચૌકીદાર", "મોદી હૈ તો મુમકીન હૈ"નું ધ્યાનાકર્ષક ચિત્રણ
- વિવિધ સોસાયટીઓ તથા મુખ્ય માર્ગો પર પ્રજાજનોએ સ્વયંભૂ "અબ કી બાર ૪૦૦ કે પાર", "મૈં ભી ચૌકીદાર" , "મોદી હૈ તો મુમકીન હૈ" તથા "હમ ચૌકીદાર કે સાથ હૈ" ના બેનરો લગાવ્યા
- રબારી સમાજ - મારવાડી સમાજના લોકો દ્વારા પરંપરાગત વેશભુષામાં સાંસ્કૃતિ નૃત્ય કરી શ્રી અમિતભાઇનું સ્વાગત કર્યુ
- સરખેજ ચાર રસ્તા પાસે લઘુમતી સમાજ દ્વારા ફૂલહાર અને પુષ્પવર્ષાથી શ્રી અમિતભાઇ શાહનું સ્વાગત.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૩ તા. ૦૬.૦૪.૨૦૧૯

-----------

**રક્ષામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામનજીએ વડોદરા ખાતે આયોજીત પ્રબુધ્ધ સંમેલનમાં સંબોધન કર્યુ.**

-----------

**"ફીર એક બાર મોદી સરકાર"ના સુત્રને યથાર્થ કરવા માટે કેન્દ્રીય નેતૃત્વ, સ્થાનીય નેતૃત્વ, કાર્યકર્તાઓ તથા સમર્થકો ભાજપાને વિજય અપાવવા માટે દેશભરમાં અથાગ પરિશ્રમ કરી રહ્યા છે.**
**- શ્રીમતી નિર્મલા સીતારામનજી**

-----------

**૨૦૧૯ની ચૂંટણી દેશની વિકાસયાત્રાને અવિરતપણે આગળ વધારવા માટે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વવાળી સરકારનું પુનરાવર્તન કરવા માટે ની ચૂંટણી છે. - શ્રીમતી નિર્મલા સીતારામનજી**

-----------

ભાજપા મીડિયા સેલની અખબારી યાદી જણાવે છે કે, આજરોજ કેન્દ્રીય રક્ષામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામનજીએ ભાજપાના ૩૯ના સ્થાપના દિન નિમિત્તે વડોદરા ખાતે પ્રબુધ્ધ નાગરિક સંમેલનમાં ઉપસ્થિત રહી સંબોધન કર્યુ હતુ.

રક્ષામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામનજીએ આ પ્રસંગે જણાવ્યુ હતુ કે, તેઓ ૨૦૧૪ લોકસભા ચૂંટણી દરમ્યાન વડોદરાના પ્રવાસે હતા અને આગામી ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં પણ તેઓ વડોદરા ખાતે ઉપસ્થિત છે. ગત ૨૦૧૪ની લોકસભા ચૂંટણીની જેમ જ આગામી ૨૦૧૯ની લોકસભા ચૂંટણી દેશ માટે અતિમહત્વની છે. ૨૦૧૪ની ચૂંટણી પ્રજાવિરોધી, ભ્રષ્ટાચારી, દેશની સુરક્ષા કરવા અસક્ષમ, દેશના પ્રશ્નોનું નિરાકરણ ન લાવી શકનાર યુપીએ સરકારને ઉખાડી ફેંકવા માટેની હતી, જ્યારે ૨૦૧૯ની ચૂંટણી દેશની વિકાસયાત્રાને અવિરતપણે આગળ વધારવા માટે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વવાળી સરકારનું પુનરાવર્તન કરવા માટે ની ચૂંટણી છે.

રોજગારીની બાબત હોય, ઔદ્યોગિક વિકાસની બાબત હોય, આર્થિક સુધારાની બાબત હોય કે દેશની સુરક્ષા-સલામતીની બાબત હોય એમ, દરેક મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં દેશે છેલ્લા ૫ વર્ષમાં શ્રી નરેન્દ્રભાઇ મોદીનું નિર્ણાયક નેતૃત્વ જોયું છે. છેલ્લા ૫ વર્ષમાં દેશમાં જે કાર્યોની નીંવ મુકવામાં આવી છે તેમને પૂર્ણતાના આરે લઇ જવા શ્રી નરેન્દ્રભાઇ મોદીનું ફરી પ્રધાનમંત્રી બનવું અતિઆવશ્યક છે. "ફીર એક બાર મોદી સરકાર"ના સુત્રને યથાર્થ કરવા માટે કેન્દ્રીય નેતૃત્વ, સ્થાનીય નેતૃત્વ, કાર્યકર્તાઓ તથા સમર્થકો ભાજપાને વિજય અપાવવા માટે દેશભરમાં અથાગ પરિશ્રમ કરી રહ્યા છે.

૨૦૧૪ થી ૨૦૧૯ દરમ્યાન વડોદરામાં કેન્દ્ર સરકારની સહાયથી શરૂ કરવામાં આવેલ વિકાસકાર્યોની માહિતી આપતાં શ્રીમતી સીતારામનજીએ જણાવ્યુ હતુ કે, વડોદરાને દેશની સૌ પ્રથમ રેલ્વે યુનિવર્સીટી, બુલેટ ટ્રેન ટ્રેનીંગ સેન્ટર, સેન્ટ્રલ વેરહાઉસીંગ ડેપો, સેન્ટ્રલ કન્ટેઇનર ડેપો, વડોદરા-મુંબઇ એક્સપ્રેસ વે, દેશનો બીજો ગ્રીન (એન્વાયરમેંટ્લી-ઈકોફ્રેન્ડલી) એયરપોર્ટ, મોડર્ન રેલ્વે સ્ટેશન, ફ્રેઇટ કોરિડોર, એગ્રીકલ્ચર સાયન્સ સેન્ટર, એચ.આર.ડી. મંત્રાલય દ્વારા સેન્ટ્રલ યુનિવર્સીટી, છાયાપુરી સેટેલાઇટ રેલ્વે સ્ટેશન જેવી ભેંટ મળી છે. આટલી બધી યોજનાઓનો લાભ વડોદરાને મળવા બદલ તેઓએ વડોદરાના સાંસદ શ્રીમતી રંજનબેન ભટ્ટને શુભેચ્છાઓ પાઠવી હતી અને મહિલા સાંસદ તરીકે તેમની કામગીરીને બીરદાવી હતી.

વડોદરા લોકસભા બેઠક પર ભાજપાના મહિલા ઉમેદવાર શ્રીમતી રંજનબેન ભટ્ટની વડોદરાથી જીત નિશ્ચીત છે. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ભાજપા સ્પષ્ટ બહુમતી મેળવશે અને પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં એનડીએની સરકાર બનશે તેવો શ્રીમતી સીતારામનજીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ